# પ્રેસનોટ
# સુરત મહાનગરપાલિકા

સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર પરિવહન સેવાના ભાગરૂપે શહેરીજનોને સુરત શહેર તથા આજુબાજુ વિસ્તારમાં BRTS અને સીટીબસની સુવિધા રાહત દરે પૂરી પાડવામાં આવી રહેલ છે. શહેરના નાગરિકો દ્વારા બસ સેવાનો ખુબજ સારા પ્રમાણમાં લાભ લેવામાં આવી રહેલ છે. જેના પરિણામે મુસાફરોની સંખ્યામાં ઉતરો-ઉતર વધારો થઇ રહેલ છે. હાલમાં BRTS ના કુલ ૧૩ રૂટ તેમજ સીટીબસ ના કુલ ૪૩ રૂટ ઉપર આશરે દૈનિક ૨૨૫૦૦૦ જેટલા નાગરિકો જાહેર પરિવહન સેવાનો લાભ લઇ રહેલ છે.

ગુજરાત પોલીસ એક્ટ ૧૯૫૧ બી કલમ ૩૩(૧) (બી) અન્વયે કાઢેલ હુકમ ક્રમાંક-ટ્રાફિક/સુરત નાઈટ મેરેથોન દોડ/૫૦૬૧/૨૦૨૨ તા.૨૬/૦૪/૨૦૨૨ ના મા.પોલીસ કમિશનરશ્રી(સુરત શહેર) ના જાહેરનામા અન્વયે સુરત શહેરમાં સુરત શહેર પોલીસ દ્વારા તા.૩૦/૦૪/૨૦૨૨ રોજ કલાક ૧૮:૦૦ થી તા.૦૧/૦૫/૨૦૨૨ ના રોજ વહેલી સવાર કલાક ૦૪:૦૦ વાગ્યા દરમ્યાન "સુરત નાઈટ મેરેથોન" ના નામે ૫ કિમી ,૧૦ કિમી તથા ૨૧ કિમી મેરેથોન સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે.આ મેરેથોન વેસુ ગોવર્ધન હવેલી પાસે આવેલ ખુલ્લા ગ્રાઉન્ડથી શરૂ થનાર છે જેમાં આશરે ૪૦,૦૦૦ જેટલા સ્ત્રી-પુરુષો ભેગા થનાર છે. આ મેરેથોન દોડમાં મોટી સંખ્યામાં દોડાવીશે ભાગ લેનાર હોય તેમજ દોડ જોવા માટે મોટી સંખ્યામાં માનવ મેદની ઉમટવાની શક્યતા હોય, જેથી દોડવીરોને દોડમાં અડચણ ન થાય , જાહેર જનતાને અવર-જ્વરમાં અડચણ ન થાય તે હેતુસર મેરેથોન રૂટ ઉપર મેરેથોન દોડ પૂરી ન થાય ત્યા સુધી પ્રવેશ-અવર-જ્વર તથા પાર્કિંગ કરવા ઉપર તેમજ આ સમય દરમિયાન રોડની આજુબાજુમાં પાર્કિંગ કરવા ઉપર તેમજ આ સમય દરમિયાન રોડની આજુબાજુમાં આવેલ સર્વિસ રોડ ઉપર પણ પાર્કિંગ કરવા ઉપર તેમજ સદર આવેલ સર્વિસ રોડ ઉપર પણ પાર્કિંગ કરવા ઉપર તેમજ સદર રૂટવાળા મુખ્યમાર્ગ ,ચાર રસ્તા ઉપરથી મુખ્યમાર્ગ ઉપર પ્રવેશવા તેમજ ક્રોસિંગ કરવા ઉપર પ્રતિબંધ મૂકવામાં આવેલ છે.

સદર જાહેરનામાને ધ્યાને લઈ નીચે મુજબ ના સિટી તથા BRTS રૂટોમાં અસર થવા પામનાર હોય નીચે જણાવેલ સીટી તથા BRTS રૂટોને ડાયવર્ઝન તથા મેરેથોન સ્પર્ધા દરમ્યાન બંધ કરવામાં આવનાર છે.

| ક્રમ નંબર | રૂટ નંબર | રૂટનું નામ | હયાત રૂટની વિગત | ડાયવર્ઝન બાદ થનાર રૂટની વિગત |
|---|---|---|---|---|
| ૧ | ૧૨ | ONGC કોલોની થી સરથાણા નેચરપાર્ક | સોમેશ્વર જંકશન, ખરવરનગર અમેઝિયા એમયુઝમેન્ટ પાર્ક | સોમેશ્વર સુધી કાર્યરત રહશે |
| ૨ | ૧૪ | ONGC કોલોની થી કોસાડEWS-H2 | SVNIT– અડાજણ પાટિયા-જહાંગીરપૂરા-ગજેરા સર્કલ | પાલ RTO સુધી કાર્યરત રહશે |
| ૩ | ૧૦૬ | સુરત સ્ટેશન થી આભવા ગામ | ચોક ટર્મિનલ, સેવન્થ ડે સ્કુલ, પાર્લેપોઇન્ટ, SVNIT | વાયા મજુરગેટ,ઘોડદોડ રોડ ,સાયન્સ સેન્ટર થઇને જશે. |
| ૪ | ૧૦૭ | સુરત સ્ટેશન થી જહાંગીરપૂરા | રાજ માર્ગ-ભૂલકા ભવન-એલ.પી.સવાણી-મોરા ભાગળ | સાગર કોમ્પલેક્ષ પછી પ્રાઈમ આર્કેડ, એલપી સવાણી રોડ થઇને જશે. |

| | | | | |
|---|---|---|---|---|
| ૫ | ૧૩૬ | સુરત સ્ટેશન થી એરપોર્ટ | અઠવાગેટ, SVNIT, ONGC કોલોની | જાહેરનામા પ્રમાણે બંધ કરવામાં આવશે |
| ૬ | ૧૪૭ | ગ્રીન સિટી ભાઠા થી સુરત સ્ટેશન ઈસ્ટ | ભાગળ-ચોક ટર્મિનલ, અડાજણ ગામ BRTS, ગેલેક્સી સર્કલ | મધુબન સર્કલ સુધી કાર્યરત રહેશે |
| ૭ | ૧૫૩ | ઉમરા ગામ થી કપોદ્ર | અઠવાગેટ, ગોપી તળાવ, રેલ્વે સ્ટેશન, રચના સર્કલ | જાહેરનામા પ્રમાણે બંધ કરવામાં આવશે |
| ૮ | ૨૦૬ | ચોક થી સી કે પીઠવાલા કોલેજ | અઠવાગેટ, પાર્લે પોઈન્ટ, SVNIT મગદલ્લા | જાહેરનામા પ્રમાણે બંધ કરવામાં આવશે |
| ૯ | ૨૧૬ | ચોક થી ભીમપોર/ કાદી ફળિયા | અઠવાગેટ, SVNIT, સુરત એરપોર્ટ | જાહેરનામા પ્રમાણે બંધ કરવામાં આવશે |
| ૧૦ | ૨૨૬ | કોસાડ ગામ થી VNSGU | ગજેરા સર્કલ, ચોક ટર્મિનલ , અઠવાગેટ, પીપલોદ | મક્કાઈ પુલ સુધી કાર્યરત રહેશે |
| ૧૧ | ૬૫૮ | અડાજણ GSRTC થી મોરાગામ | અડાજણ ગામ, પાલ પાટિયા, ઇચ્છાપોર, ક્રીભકો | વાયા સ્ટારબજાર ફ્લાયઓવર થઇને જશે. |
| ૧૨ | ૭૦૬ | ઇસ્કોન સર્કલ થી VNSGU | મોરાભાગળ, આનંદમહલ રોડ, અઠવાગેટ | વાયા મજુરાગેટ થઇને જશે. |
| ૧૩ | ૭૧૬ | જહાંગીરપૂરા થી ગેલ કોલોની વેસુ | એલ પી સવાણી, સ્ટાર બજાર જમનાનગર સોસાયટી | જાહેરનામા પ્રમાણે બંધ કરવામાં આવશે |

જેની શહેરીજનોએ ખાસ નોંધ લેવા જણાવવામાં આવે છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. ....................................
તા.૨૯/૦૪/૨૦૨૨